

# શ્રી અષ્ટમહાલક્ષ્મી પૂજનમ્

શ્રી ધનત્રયોદશી, ૫ નવેમ્બરની મંગલ પ્રભાતે પારમિતા મંદિરે શ્રી ઠાકોરજીને અર્પણ મહાપૂજાવિધિનો લાભ લઈ સૌ ભક્તોએ સદ્‌ગુરુ સંતોના શ્રીમુખે કરાયેલ "અમારી અધ્યાત્મ જીવનયાત્રા" પારાયણના શ્રવણનો દિવ્ય લાભ લીધો. સવારની આ મંગલ સભામાં સંતભગવંત સાહેબજીના આશીર્વાદ પ્રાપ્ત થયા.



ધનતેરશની પાવન સંધ્યાએ ગોરજ ટાણે બ્રહ્મજ્યોતિના 'વર્ણીકુંજ'માં શ્રી અષ્ટમહાલક્ષ્મી પૂજન અર્થે સેંકડો અક્ષરમુક્તો પધાર્યા. સંતોએ શ્રી લક્ષ્મીપૂજનની અદ્‌ભુત વ્યવસ્થાઓ ગોઠવી હતી જે માણી સૌ મંત્રમુગ્ધ થયાં. યજમાનો સ્વસ્થાને શ્રી મહાલક્ષ્મી પૂજન અર્થે બિરાજ્યા. શ્રી ધનપૂજાના પ્રારંભે સંતભગવંત સાહેબજીએ પૂજા કરાવનાર સર્વે આચાર્યોને આશીર્વાદ દીધા. પૂજાવિધિના પ્રધાન આચાર્યો પ.પૂ. શાંતિદાદા અને પૂ. મનોજભાઈના નેતૃત્વે અનુપમ સૂરવૃંદના આચાર્યોએ સુંદર પૂજાવિધિ કરાવી. ચેતનભાઈ વ્યાસે સંપૂર્ણ વિધિનાં સંચાલન કર્યાં. ધનપૂજા પ્રારંભે સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપ્યા કે, "પ્રભુએ આપેલું પ્રભુને અર્થે વાપરવું એ સાચા અર્થમાં લક્ષ્મીજીનું પૂજન કર્યું કહેવાય. બુદ્ધિ, શક્તિ અને લક્ષ્મી પ્રભુ અર્થે વપરાય તો તે દિવ્ય થાય અને સંસારમાં પ્રકાશ રેલાવે, અનાસક્તિ દૃઢ કરાવે, સમર્પણભાવ ઉજાગર કરે. આવા શુભ ભાવથી કરેલી લક્ષ્મીપૂજા પ્રભુ સ્વીકારે. આપણા સંકલ્પો અને ભાવનાઓ પ્રભુ સુધી પહોંચાડનાર દિવ્ય સ્વરૂપ સંતભગવંત સાહેબજી રૂપે આપણને પ્રાપ્ત થયું છે. આવા ગુણાતીત સંતને રાજી કરવા, તેમના અને સંબંધી સૌના દાસ થવા બળ દેશો." ત્યારબાદ સંતભગવંત સાહેબજીએ આ મંગલકારી પૂજાવિધિ માટે લખેલ સંકલ્પનાં પઠન મનોજભાઈએ કર્યાં.



શ્રી લક્ષ્મીપૂજન વિધિના આચાર્યોને સાહેબજીનાં આશીર્દાન



શ્રી ઠાકોરજી સમક્ષ ધરાવેલ શ્રી લક્ષ્મીનાં પૂજન-પુષ્પાર્પણ





॥ સ્વામિશ્રીજી ॥

પ.પૂ. પૂનમભાઈ પ્રાગટ્ય દિવસ
શ્રી લક્ષ્મીપૂજન - ૨૦૭૪
૫મી નવેમ્બર, ૨૦૧૮

પ.પૂ. ડૉ. સનંદભાઈ, પ.પૂ. પૂનમભાઈ, પ.પૂ. હર્ષદભાઈ જેવા સંતોનાં આજે પ્રાગટ્યપર્વ છે. પ.પૂ. યોગીબાપા, પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીએ આપણને આપેલી અણમોલ ભેટ એ આ સદ્‌ગુરુ સંતો છે. તેઓના મહામંગલકારી પ્રાગટ્યપર્વના મંગલ અવસરે તેવા જ સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનભાઈ, પ.પૂ. શાંતિભાઈ, સંતોની અને એવા જ એકાંતિક ભક્તોની હાજરીમાં સાક્ષાત્ પ્રભુ બિરાજે છે; તેઓના સાંનિધ્યે આજે શ્રી ધનતેરશના મહામંગલકારી પર્વે ગોરજટાણે આપણે સૌ ભેળા મળી શ્રી લક્ષ્મીજીનું પંચામૃતથી સ્નાન કરાવી, શ્રી ઠાકોરજીના ચરણે અર્પણ કરી પ્રભુ તરફની ભક્તિ અદા કરી રહ્યા છીએ, તે દ્વારા શ્રી લક્ષ્મીજીનું પૂજન-અર્ચન કરી રહ્યા છીએ ત્યારે તે મહાપૂજામાં પ્રભુચરણે આપણે આ સંકલ્પ ધરી કૃતાર્થ થઈએ છીએ.

પ.પૂ. શાંતિભાઈ, પૂ. મનોજભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. અશોકબાબુ, પૂ. રાજુભાઈ ને સૌ આચાર્યોએ આ સમગ્ર પ્રસંગને અનુરૂપ આ મહાપૂજામાં સર્વ યજમાનો દ્વારા શ્રી ઠાકોરજી, સંતોની પૂજા-અર્ચનાઓ કરાવી શ્રી લક્ષ્મીજીનું પૂજન કરાવ્યું છે... ત્યારે કરેલ સંકલ્પ...

**હે શ્રી સ્વામિનારાયણ ભગવાન ! હે શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી ! હે શ્રી ગોપાળાનંદ સ્વામીજી !**
**હે ભગતજી મહારાજ ! હે શ્રી જાગા સ્વામીજી ! હે શ્રી કૃષ્ણજી અદા ! હે શ્રી શાસ્ત્રીજી મહારાજ ! હે શ્રી ગુરુદેવ યોગીજી મહારાજ !**
**હે શ્રી કાકાજી ! હે શ્રી પપ્પાજી ! હે શ્રી મહંત સ્વામીજી ! હે શ્રી હરિપ્રસાદ સ્વામીજી ! હે શ્રી અક્ષરવિહારી સ્વામીજી !**
**હે શ્રી ગુરુજી મુકુંદજીવનદાસ સ્વામીજી ! હે શ્રી અશ્વિનભાઈ ! હે શ્રી શાંતિભાઈ ! સૌ સંતો-ભક્તો-મુક્તો...**

આજે દિવાળીના આ મહામંગલકારી પર્વોમાં સૌ સંતો-ભક્તોની હાજરીમાં શ્રી ઠાકોરજીના મહા પવિત્ર-દિવ્ય સાંનિધ્યે શ્રી લક્ષ્મીજીની પૂજા-અર્ચનાનો લાભ મળ્યો છે. અમો સૌ તેમાં જોડાઈ, દર્શન કરી ધન્ય થઈ રહ્યા છીએ. આપે ખૂબ જ કૃપા કરી આવો અદ્‌ભુત માનવદેહ આપ્યો ! સારા મા-બાપના ઘરે જન્મ આપી આવો મહામોંઘો સત્સંગનો-સંતોનો યોગ આપ્યો ને આપના આશ્રયે રહી, સંતોમાં હેત-પ્રેમથી જોડાઈ ગૃહસ્થી જીવનમાં પણ આપની ભક્તિના રંગે રંગાઈ જીવનનો ખરો આનંદ કુટુંબેસહિત માણવાનો લ્હાવો મળ્યો છે... અમો સૌ ધન્ય બની રહ્યા છીએ...

'શિક્ષાપત્રી'માં અમો સૌ આપના જ આશ્રિતોને આપે આપેલા માનવદેહની હોશિયારી, બુદ્ધિ, આવડતનો ઉપયોગ આપની સેવામાં ગુરુવચને કરવાનો, સાથે સાથે આ માનવદેહથી ઉપાર્જિત થયેલ ધન-સંપત્તિમાંથી દશ ટકા કે પાંચ ટકા ગુરુવચને પ્રભુસેવામાં વાપરી જગતની ચીજ-વસ્તુઓ સાથે દેહભાવોમાંથી આસક્તિરહિત થઈ પ્રભુભક્તિનો, પ્રભુમાં-ગુરુમાં જ જોડાયેલા રહી પરમ શાંતિ-પરમ આનંદ-પરમ સુખ ભોગવતા થવાની આજ્ઞા દ્વારા ચાવી આપી છે... તો હે પ્રભુ ! અમો સૌ આપના આશ્રિતો તે આજ્ઞાને સારધાર પાર પાડી, આપની ભક્તિ અદા કરી, આપની પ્રસન્નતાનાં પાત્રો બની રહીએ તેવી કૃપા વરસાવશો.

વળી, જીવનના આયુષ્યનો પણ દશ ટકા કે પાંચ ટકા આપની સેવામાં, સમૈયા ઉત્સવમાં હાજરી આપીને, રોજબરોજનાં ભજન-કીર્તન-સ્વાધ્યાયમાં સમય આપીને, સંતોના સાંનિધ્યે સેવા-સમાગમ કરીને વિતાવી આપની ભક્તિ અદા કરીએ તેવા સંકલ્પને વર્તનમાં લાવવા આપ બળ અર્પશો.

અમારું જે છે તે આપે જ આપેલ છે, પછી એ આ દેહ હોય, આવડત, હોશિયારી કે સ્થૂળ રીતે પ્રાપ્ત થયેલ શ્રી લક્ષ્મીજી વગેરે ચીજ-વસ્તુ-પદાર્થ આપની સેવામાં સદાય વાપરીએ અને હે પ્રભુ ! બ્રહ્મજ્યોતિમાં બંધાઈ રહેલ આપના એ મંદિરને પૂર્ણ કરવામાં અમારા પક્ષે જે પણ દેહ, મન, ધન કે આત્માથી સેવા કરવાની આવે, સંબંધોનો ઉપયોગ એ કાર્યમાં કરવાનો હોય એ સેવામાં અહોહોભાવે, આનંદપૂર્વક, ઉત્સાહ-ઉમંગથી ગુરુવચને કરીએ અને આપે આપેલ આ અદ્‌ભુત તકનો અમારા આધ્યાત્મિક ઉત્થાન માટે શ્રેષ્ઠ ઉપયોગ કરીએ તેવી કૃપા વરસાવશો ! દેશ-પરદેશમાં વસતા અમો સૌ ભક્તોની આ સંકલ્પ રૂપી પ્રાર્થના આપના ચરણે ભેટ ધરીએ છીએ તો સ્વીકારશો અને રૂડા આશીર્વાદ આપશો. આવી રહેલ ૨૦૭૫નું નવું વર્ષ સર્વ વાતે સારું નીવડે, ભક્તિ-શક્તિ-સમૃદ્ધિથી ભર્યા ભર્યા બનીએ... સૌમાં સંપ-સુહૃદભાવ-એકતા રાખી, હળીમળીને સત્સંગનાં સઘળાં કાર્યો નિર્દોષભાવ-દિવ્યભાવે કરવાં તે ગુરુદેવ યોગીબાપાની આજ્ઞા અમારા સૌના જીવનના વર્તનમાં આવે તેવી અમો સૌ દેશ-પરદેશના ભક્તોની પ્રાર્થનાઓ છે !

૨૦૭૫નું વર્ષ, તેમાં એટલે કે ડિસેમ્બર ૨૦૧૯, જાન્યુઆરી ૨૦૨૦માં નવા મંદિરની આપની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવાનો અમારા સૌના સંતો સાથેના સંકલ્પને આપ સાકાર કરશો ને તે માટે અમો સૌ એકમના બની, અહોહોભાવે સમર્પિત થઈ ભક્તિ અદા કરીએ તે માટે અપાર બળ અર્પશો એ સંકલ્પ સાથેની પ્રાર્થનાઓ ને ધૂન છે. સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! ◆



શ્રી ધન ત્રયોદશીની આરતી શ્રી ઠાકોરજીને અર્પણ



શ્રી મહાલક્ષ્મીપૂજનનાં દિવ્ય આશીર્દાન

પૂજાવિધિમાં બિરાજમાન યજમાનોનાં પૂજન અને રક્ષાસૂત્ર દ્વારા કંકણબંધન સંતોએ કર્યાં. યજમાનોને આપેલ પાત્રમાં શ્રી લક્ષ્મીજીનાં પ્રક્ષાલન કરવામાં આવ્યાં. શુદ્ધ થયેલ લક્ષ્મીને પરિશુદ્ધ કરવા માટે શ્રી ઠાકોરજીના ચરણે ધરવામાં આવી. શ્રી ઠાકોરજીને ધરાવેલ લક્ષ્મીને સંતોએ પૂજન કરી આશીર્વાદની પુષ્પવૃષ્ટિ કરી પ્રાર્થનાઓ કરી. સર્વે યજમાનો સર્વ રીતે સુખી થાય, પવિત્ર થયેલ લક્ષ્મી સર્વના ઘર-સંસારમાં શાંતિ અને સમૃદ્ધિ લાવે તેવી પ્રભુચરણે સંતોએ યાચના કરી.

સમગ્ર પૂજાવિધિ સંગીત અને સૂરતાલની સંવાદિતા સાથે અદ્‌ભુત રીતે સંપન્ન થઈ. સ્વયંસેવક યુવાનોએ પૂજાવિધિના સંચાલનમાં ઉત્તમ સેવા અર્પણ કરી. સંતો દ્વારા પૂજન કરાયેલ લક્ષ્મીજીને યજમાનોને પરત અર્પણ કરવામાં આવી. આ દિવ્ય પૂજાવિધિનો લાભ માણી સૌ ધન્ય થયા.

સંતોએ સર્વે યજમાનો અને ઉપસ્થિત સર્વે અક્ષરમુક્તોના સ્થાને પધારી સૌ પર પુષ્પવૃષ્ટિ કરી આશીર્વાદ વરસાવ્યા. ઉપસ્થિત સૌ આ દિવ્યતાના આનંદને માણી પરિતૃપ્ત થયા. સંતો દ્વારા કરાવાયેલ આ દિવ્ય ધનપૂજા વિધિ ખૂબ ભાવપૂર્ણ અને અર્થસભર રીતે કરવામાં આવી. પૂજાવિધિમાં બિરાજમાન સર્વ યજમાનોને શ્રી લક્ષ્મીજીનાં આવાં પવિત્ર પૂજન કરવાનો મોકો પ્રાપ્ત થયો તે બદલ સૌએ ધન્યતા અનુભવી. શ્રી ધન ત્રયોદશીની આરતી અર્પણ કરી સંતભગવંત સાહેબજીએ સૌ ઉપર રૂડા આશીર્વાદની વર્ષા કરી.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ આપ્યા કે, "દીપાવલી પર્વની અદ્‌ભુત શરૂઆત થઈ. આવી સુંદર પૂજાવિધિ કરાવવા બદલ સૌ સંતો-સેવકો-યજમાનોને ધન્યવાદ ! ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા છે કે, 'ઉપાર્જિત થયેલ ધનનો પાંચથી દસ ટકા ધર્માદો ગુરુવચને પ્રભુના કાર્યમાં અર્પણ કરવો.' ધનશુદ્ધિ કરવાની આ સાચી રીત છે. આવું શુદ્ધ થયેલું ધન ઘર, સંસાર અને વંશજોમાં સાચું સુખ આણે. ગુરુવચને પ્રભુચરણે ધન અર્પણ કરવાથી ધન તરફની આસક્તિ છૂટી જાય. મંદિરમાં થતી વિવિધ પ્રવૃત્તિઓમાં સેવા કરવાથી અપેક્ષા રહિત થવાય. પ્રભુ 'દેના બૅન્ક' છે. તેમના શ્રી ચરણે જે અર્પણ કરશો તે દિવ્ય કરીને પાછું આપશે. જેના ફળસ્વરૂપે ઘરમાં, પરિવારમાં, અંદરોઅંદર સુખ, શાંતિ અને આનંદ અનુભવાશે. કકળાટ, કંકાસ જતો રહેશે. આવો નિર્મલ આનંદ સૌના જીવનમાં સાકાર થાય તેવી શ્રી ધનત્રયોદશીના પાવન પર્વે પ્રભુને પ્રાર્થના ધરીએ. નૂતન મંદિરનું નિર્માણકાર્ય આસક્તિરહિત થવા માટે શ્રેષ્ઠ માધ્યમ છે. તેમાં સેવા કરનાર, માહાત્મ્યસહિત ભક્તિ કરનાર, ગુણ લેનાર, મહિમા ગાનાર સૌની સેવા પ્રભુના ચોપડે લખાશે. આવી સેવા કરી પ્રભુનો રાજીપો પ્રાપ્ત કરવા સૌને ખૂબ બળ મળે તેવી પ્રભુચરણે, ગુરુચરણે શ્રી લક્ષ્મીપૂજનના પાવન પર્વે અમારા સૌ સંતોની પ્રાર્થના !" સંતભગવંત સાહેબજીના દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ આનંદસભર હૈયે વિસર્જિત થયાં. મહાપ્રસાદનો દિવ્ય આસ્વાદ માણી ધન્ય થયાં. ◆

